

# ચાલુ બેઠક દરમ્યાન ટ્રમ્પ ઝોંકુ ખાઈ ગયા?

**ઓવલ** ઓફિસમાં એક મીટિંગ વખતે અમેરિકી પ્રમુખ ઝોંકુ ખાતા હોય તેવો વીડિયો વાયરલ

**સોશ્યલ** મીડિયા પર ટીકાઓ થઇ, વ્હાઇટ હાઉસે ખંડન કર્યું

વ્હાઇટ હાઉસ ખાતે ધાર્મિક સ્વતંત્રતા પંચના સભ્યો સાથેની બેઠક દરમિયાન અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ થોડીવાર માટે ઝોંકા ખાતા હોય તેવું દેખાતા સોશિયલ મીડિયા પર ફરી એકવાર ચર્ચામાં આવ્યા છે.

આ ઘટના ઓવલ ઓફિસમાં યોજાયેલી બેઠક દરમિયાન બની હતી. ઓવલ ઓફિસની આ બેઠકના ફૂટેજમાં પ્રમુખ ટ્રમ્પ થોડી ક્ષણો માટે આંખો બંધ કરીને બેઠેલા જોવા મળ્યા હતા, ખાસ કરીને જ્યારે ટેક્સાસના લેફ્ટનન્ટ ગવર્નર ડેન પેટ્રિક પત્રકારોને સંબોધિત કરી રહ્યા હતા. ઓનલાઇન ટીકાકારોએ આ ક્લિપને ઝડપથી પકડી લીધી અને 79 વર્ષીય પ્રમુખની સ્ટેમિના અને સક્રિયતા પર સવાલો ઉઠાવતા તેમને ઉંઘણશી ડોન તરીકે ઓળખાવ્યા. દરમ્યાન, વ્હાઇટ હાઉસે પ્રમુખ કામ દરમિયાન ઝોકાં ખાઈ રહ્યા હોવાની વાતનું સખત શબ્દોમાં ખંડન કર્યું છે. વ્હાઇટ હાઉસના પ્રવક્તા ડેવિસ ઈંગલે સોશિયલ મીડિયાની અટકળોને નકારી કાઢતા જણાવ્યું હતું કે પ્રમુખ ટ્રમ્પની તીક્ષ્ણતા, અજોડ ઉર્જા અને ઐતિહાસિક સુલભતા" અગાઉના પ્રમુખો કરતાં તદ્દન અલગ છે. ઈંગલે ઉમેર્યું કે ટ્રમ્પ "સમસ્યાઓ ઉકેલવા અને પોતાના વચનો પૂરા કરવા માટે સતત કામ કરી રહ્યા છે.

# શોએબ અખ્તરના ભાઈની અંતિમયાત્રામાં દેખાયા લશ્કર-એ-તૈયબાના આતંકવાદીઓ

**ઇસ્લામાબાદમાં** ૨૬/૧૧ મુંબઈ હુમલાના ગુનેગારો ખુલ્લેઆમ ફરતા દેખાયા પાકિસ્તાનનો આતંકવાદી ચહેરો ફરી બેનકાબ



નવી દિલ્હી, ૨૭ જૂન

ઈસ્લામાબાદમાં પાકિસ્તાનના ભૂતપૂર્વ ક્રિકેટર શોએબ અખ્તરના ભાઈની અંતિમયાત્રાએ ત્યારે સૌનું ધ્યાન ખેંચ્યું જ્યારે ભારતીય વિરોધી ઉશ્કેરણીજનક નિવેદનો માટે જાણીતા લશ્કર-એ-તૈયબા (એલઈટી)ના ડેપ્યુટી ચીફ સૈફુલ્લા કસુરી સહિતના આતંકવાદીઓ આ વિધિમાં જોવા મળ્યા હતા. શોએબના મોટા ભાઈ શાહિદ અખ્તરનું ૨૪ જૂનના રોજ નિધન થયું હતું.

એક વાયરલ વીડિયોમાં ૨૬/૧૧ના મુંબઈ હુમલા અને પહલગામ નરસંહાર સહિત ભારતમાં કેટલાક સૌથી ઘાતક આતંકવાદી હુમલાઓ પાછળ જવાબદાર એવા લશ્કર-એ-તૈયબાના કેટલાક નેતાઓ ઈસ્લામાબાદના એચ-8 કબ્રસ્તાનમાં શાહિદની અંતિમયાત્રામાં જોવા મળી રહ્યા છે. કસુરી ઉપરાંત લશ્કરના રાજકીય મોરચા ગણાતા પાકિસ્તાન મરકઝી મુસ્લિમ લીગ (પીએમએમએલ)નો પ્રમુખ ઈનામ ઉર રહેમાન પણ અંતિમયાત્રામાં જોવા મળ્યો હતો.

યુએન દ્વારા 'આતંકવાદી' જાહેર કરાયેલા હાફિઝ સઈદે જમાત-ઉદ-દાવા (જેયુડી) અને મિલી મુસ્લિમ લીગ (એમએમએલ) જેવા પોતાના સંગઠનો પર લાગેલા આંતરરાષ્ટ્રીય અને સ્થાનિક પ્રતિબંધોથી બચવા માટે મુખ્યત્વે એક વિકલ્પ તરીકે પીએમએમએલની રચના કરી હતી. પીએમએમએલએ ૨૦૨૪ની પાકિસ્તાની ચૂંટણીમાં પણ ઝંપલાવ્યું હતું. કસુરી જેવા આતંકવાદીઓ જાહેરમાં કોઈ સાર્વજનિક કાર્યક્રમમાં હાજરી આપે એ ફરી એકવાર ભારત વિરોધી તત્ત્વોને પાકિસ્તાનમાં સતત મળતા સમર્થન અને આશ્રયને ઉજાગર કરે છે. તે દર્શાવે છે કે, કેવી રીતે આતંકવાદના પ્રાયોજક એવા પાકિસ્તાનમાં આતંકવાદીઓ ખુલ્લેઆમ ફરે છે.

સાથે જ, આ ઘટના પાકિસ્તાનની વ્યવસ્થામાં આવા પ્રતિબંધિત આતંકવાદી સંગઠનોના પ્રભાવ પર પણ સવાલો ઊભા કરે છે. શોએબ ૨૦૧૧માં ક્રિકેટમાંથી નિવૃત્ત થયો હતો, પરંતુ પાકિસ્તાનમાં કોમેન્ટેટર તરીકે સક્રિય રહ્યો છે. તેણે આઈપીએલમાં પણ કોમેન્ટ્રી આપેલી છે.

# થાણેમાં પાર્ક કરેલી કારમાં અચાનક એરબેગ ખુલતાં ૨૫ વર્ષના યુવકનું કરુણ મોત

**વિચિત્ર** ઘટના; ૧૫ વર્ષ જૂની કારની સુરક્ષા સિસ્ટમ અચાનક સક્રિય થતાં ભારે રક્તસ્ત્રાવ થયો



થાણે, તા. ૨૭ (પીટીઆઈ): મહારાષ્ટ્રના થાણે જિલ્લામાં એક વિચિત્ર અકસ્માતમાં પાર્ક કરેલા વાહનની અંદર અચાનક એરબેગ ખુલવાને કારણે ૨૫ વર્ષીય યુવકનું વધુ પડતું લોહી વહી જવાથી મોત નીપજ્યું હતું. એમ પોલીસે શનિવારે જણાવ્યું હતું.

એક અધિકારીએ જણાવ્યું કે, આ ઘટના બુધવારે કાશીમીરા વિસ્તારમાં બની હતી જ્યારે પીડિત, જે કાર-ડીલર હતો, તે એક ૧૫ વર્ષ જૂની કારની અંદર બેઠો હતો અને સુરક્ષા સિસ્ટમ અચાનક સક્રિય થઈ ગઈ હતી.

એરબેગ ખુલી ગઈ હતી અને તેના જોરદાર પ્રહારને કારણે તેને ગંભીર ઈજાઓ થઈ હતી, જેના લીધે તબીબી સહાય મળે તે પહેલાં જ ભારે રક્તસ્ત્રાવ થવાથી તેનું મોત નીપજ્યું હતું.

અધિકારીએ જણાવ્યું કે, પ્રાથમિક તપાસ મુજબ, કાર જૂની હોવા છતાં સત્તાવાર રેકોર્ડ દર્શાવે છે કે કારનું માન્ય ફિટનેસ સર્ટિફિકેટ હતું.

પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી તપાસ શરૂ કરી છે અને તેઓ ઓટોમોબાઈલ નિષ્ણાતોની સલાહ લઈ રહ્યા છે.

## પેજ3

### સલમાન ખાન ગેલેક્સી એપાર્ટમેન્ટ ખાલી કરશે

મુંબઈ, તા. 27: મુંબઈમાં ગેલેક્સી એપાર્ટમેન્ટ નામ સાંભળતાં જ લોકોના મનમાં પહેલો ચહેરો સલમાન ખાનનો આવે છે. સલમાન ખાન વર્ષોથી મુંબઈના બાંદ્રા વિસ્તારમાં ગેલેક્સી એપાર્ટમેન્ટમાં તેના પિતા સલીમ ખાન અને માતા સલમા સાથે રહે છે. ઘણી વખત લોકોએ સલમાન ખાનની પ્રશંસા કરી છે કે, આટલા પૈસા હોવા છતાં સલમાન ખાન 1 બીએચકે ફ્લેટમાં રહે છે, પરંતુ હવે સલમાન ખાનનું સરનામું બદલવાનું છે. અહેવાલો મુજબ, સલમાન ખાને તેના પરિવાર માટે 6 માળનો સમુદ્ર તરફનો બંગલો બનાવી રહ્યો છે અને 16 જૂનના રોજ મહારાષ્ટ્ર કોસ્ટલ ઝોન મેનેજમેન્ટ ઓથોરિટી (એમસીઝેડએમએ)એ ખાન પરિવારને બાંદ્રાના ચિંબાઈ વિસ્તારમાં રહેણાક ટાવર બનાવવાની પરવાનગી આપી દીધી છે.

### કૃતિ સેનન અને કબીર બાહિયાનું બ્રેકઅપ થઈ ગયું?



મુંબઈ, તા. 27 કૃતિ સેનન આ સમયે બોલિવૂડની ટોપ એક્ટ્રેસીસની યાદીમાં સામેલ થઈ ચૂકી છે. જોકે, હાલમાં કૃતિ પોતાની અંગત જિંદગીને લઈને ભારે ચર્ચામાં આવી ગઈ છે. કૃતિ સેનનને લઈને એવા સમાચાર સામે આવ્યા હતા કે, તે છેલ્લા કેટલાક સમયથી બિઝનેસમેન કબીર બાહિયાને ડેટ કરી રહી છે. જોકે, કૃતિ સેનને કબીર સાથેના પોતાના સંબંધોને લઈને ક્યારેય પુષ્ટિ કરી નથી. પરંતુ હવે આ દરમિયાન અભિનેત્રીનો રૂમર્ડ બોયફ્રેન્ડ કબીર કોઈ અન્ય છોકરી સાથે જોવા મળ્યો છે. જેના પર સવાલો ઉઠાવવામાં આવી રહ્યા છે. ઘણા લોકોનું કહેવું છે કે કબીર અને કૃતિ એકબીજાથી અલગ થઈ ગયા છે.

### પીઢ ફિલ્મ-નિર્માતા, અભિનેતા ભાગ્યરાજનું 73 વર્ષની વયે નિધન



ચેન્નાઈ, તા. 27 (PTI) : તમિલ સિનેમાના દિગ્ગજ ફિલ્મ-નિર્માતા અને અભિનેતા કે. ભાગ્યરાજ, જેઓ તેમની સહજ રમૂજ અને ચપળ સંવાદો માટે જાણીતા હતા, તેમનું શનિવારે હાર્ટ એટેકના કારણે અવસાન થયું છે. એમ તેઓ જે હોસ્પિટલમાં દાખલ હતા ત્યાંના સૂત્રોએ જણાવ્યું હતું. તેઓ 73 વર્ષના હતા. તેમની ભૂમિકાઓ, જે મોટા ભાગે મધ્યમ વર્ગના જીવનમાંથી પ્રેરિત હતી, તે એક અલગ જ આકર્ષણ ધરાવતી હતી. કારણ કે, તેમની ઉત્કૃષ્ટ પટકથા તેમના ઓન-સ્ક્રીન વ્યક્તિત્વ સાથે અદભુત રીતે ભળી જતી હતી. પાંચ દાયકાથી વધુ લાંબી કારકિર્દીમાં ભાગ્યરાજે અસંખ્ય હિટ ફિલ્મો આપી હતી અને તેમના કેટલાક પ્રખ્યાત દિગ્દર્શન અને અભિનયના કાર્યોમાં - 'અંધા 7 નાટકાલ', 'મુંધનાઈ મુદિચ્ચુ', 'ચિન્ના વીડુ' અને 'એન્ગા ચિન્ના રાસા'નો સમાવેશ થાય છે.

### પેપરાઝી પર ભડકી મલાઇકા અરોડા

મુંબઈ, તા. 27 મલાઇકા અરોડાનો તાજેતરમાં જ સોશિયલ મીડિયા પર એક વીડિયો સામે આવ્યો છે. વીડિયોમાં તે કોઈની સાથે વાત કરતી જોવા મળી રહી છે. આ દરમિયાન પેપરાઝી તેમની ખૂબ જ નજીક આવી જાય છે, જેનાથી તે નારાજ થઈ ગઈ હતી. મલાઇકા પેપરાઝીને કહે છે, "બાબા, તમે અહીં આવી જાઓ." જે બાદ આ વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે. જોકે, અત્યાર સુધી એ માહિતી સામે નથી આવી શકી કે આ વીડિયો ક્યારનો અને ક્યાંનો છે. હકીકતમાં મલાઇકા અરોડાએ કહ્યું હતું કે, તેમને સૌથી વધુ મુશ્કેલી ત્યારે થાય છે જ્યારે પેપરાઝી તેમની બિનજરૂરી તસવીરો ક્લિક કરે છે. ડિસેમ્બર 2022માં કોમેડિયન ભારતી સિંહ સાથે વાતચીત દરમિયાન મલાઇકાએ કહ્યું હતું, "મને સૌથી વધુ ગુસ્સો ત્યારે આવે છે જ્યારે ફોટોગ્રાફર્સ મારા ચહેરાના બદલે મારા શરીરના અલગ-અલગ ભાગોની તસવીરો લેવા લાગે છે."

# કેન્દ્રીય મંત્રીએ પોતાના જ મંત્રાલયમાંથી રૂ. ૯૯ લાખની સબસીડી લેતા ભારે વિવાદ

**રાજ્ય** કક્ષાના કૃષિ મંત્રી ભગીરથ ચૌધરીએ કૃષિ મંત્રાલયમાંથી રૂ. ૯૯.૬ લાખની સબસીડી લીધી, કહ્યું કે પ્રક્રિયા મુજબ જ કર્યું છે

**વિપક્ષે** સરકાર પર પ્રહારો કર્યા, આને હિતોની ટક્કર ગણાવી

નવી દિલ્હી, તા. ૨૭: કેન્દ્રીય મંત્રી ભાગીરથ ચૌધરી પોતાના જ મંત્રાલયમાંથી કથિત રીતે 99.6 લાખની સબસિડી મેળવવાને લઈને ચર્ચામાં છે. શનિવારે તેમણે આ અંગે સ્પષ્ટતા કરતા જણાવ્યું હતું કે તેઓ કંઈપણ છુપાવી રહ્યા નથી અને અન્ય હજારો ખેડૂતોની જેમ જ તેમણે પણ આ સરકારી સહાય મેળવી છે. ભાગીરથ ચૌધરી રાજસ્થાનની અજમેર લોકસભા બેઠકના સાંસદ છે.

કેન્દ્રીય કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રાલયમાં રાજ્ય કક્ષાના મંત્રી ચૌધરી, 'ધ ઈન્ડિયન એક્સપ્રેસ'ના એક અહેવાલ બાદ વિવાદોમાં ઘેરાયા છે. આ અહેવાલમાં ખુલાસો થયો હતો કે તેમણે પોતાના જ મંત્રાલય હેઠળની એક યોજના દ્વારા સબસિડી તરીકે 99,60,000 મેળવ્યા છે. રસપ્રદ વાત એ છે કે, અહેવાલમાં દાવો કરવામાં આવ્યો છે કે વ્યાપારી ખેતીને પ્રોત્સાહન આપવા માટેની આ સબસિડીની રકમ એક બોર્ડ દ્વારા મંજૂર કરવામાં આવી હતી, જેમાં ચૌધરી હોદ્દાની રૂએ ઉપપ્રમુખ છે. આ સબસિડી અંગે સ્પષ્ટતા આપતા ભાગીરથ ચૌધરીએ જણાવ્યું કે તેઓ બાળપણથી જ ખેતી કરે છે અને તેમણે 2018માં આ સબસિડી માટે અરજી કરી હતી. મેં 2018માં અરજી કરી હતી. મેં ત્યાં એક બોર્ડ પણ લગાવ્યું છે જેમાં મેં લીધેલી તમામ લોન અને સબસિડીનો ઉલ્લેખ કર્યો છે એમ ચૌધરીએ જણાવ્યું હતું. કોંગ્રેસે મંત્રી પર પ્રહારો કરતા આને 'હિતોનો ટકરાવ' ગણાવ્યો છે અને ભ્રષ્ટાચારના મુદ્દે ભાજપ પર દંભનો આરોપ લગાવ્યો છે. કોંગ્રેસના નેતા પવન ખેડાએ આક્ષેપ કર્યો હતો કે ચૌધરી પોતે જ "અરજદાર, મંજૂરી આપનાર સત્તાધિકારી અને લાભાર્થી - આ ત્રણેય ભૂમિકામાં એકસાથે હતા." તેમણે કહ્યું કે આને માત્ર 'હિતોનો ટકરાવ' કહેવો એ બહુ નાની વાત ગણાશે. રાજસ્થાનના પૂર્વ મુખ્યમંત્રી અશોક ગેહલોતે પણ ભાજપ પર પ્રહાર કરતા આને NDA સરકારમાં ભ્રષ્ટાચાર અને હિતોના ટકરાવનું "નવું મોડલ" ગણાવ્યું હતું.

# સુદાન ગૃહયુદ્ધઃ એક ભારતીય કંપની, CEO પર અમેરિકાના પ્રતિબંધ

**અમેરિકી** નાણા વિભાગે કુલ આઠ વ્યક્તિઓ, કંપનીઓ પર પ્રતિબંધો મૂક્યા

**આમાં** ભારતની અમીન એક્સપ્લોઝિવ અને તેના સીઇઓ આલોક ચૌધરીનો પણ સમાવેશ

વોશિંગ્ટન, તા. ૨૭(પીટીઆઈ): અમેરિકાએ સુદાનમાં ચાલી રહેલા ગૃહયુદ્ધને પ્રોત્સાહન આપવાના આરોપસર આઠ વ્યક્તિઓ અને સંસ્થાઓ પર પ્રતિબંધો મૂક્યા છે, જેમાં વિસ્ફોટક બનાવતી કંપની સાથે સંકળાયેલા એક ભારતીય નાગરિકનો પણ સમાવેશ થાય છે.

અમેરિકાના ટ્રેઝરી ડિપાર્ટમેન્ટના 'ઓફિસ ઓફ ફોરેન એસેટ્સ કંટ્રોલ'(OFAC) એ શુક્રવારે જણાવ્યું હતું કે, આ લક્ષિત નેટવર્કોએ સુદાનીઝ આર્મ્ડ ફોર્સિસ(SAF) અને રેપિડ સપોર્ટ ફોર્સિસ (RSF) બંનેને આ આફ્રિકન દેશમાં ગૃહયુદ્ધ વિસ્તારવા અને તેને વધુ તીવ્ર બનાવવામાં સક્ષમ કર્યા છે.

પ્રતિબંધિત વ્યક્તિઓમાં રાયપુરના આલોક ચૌધરીનો સમાવેશ થાય છે, જેઓ 'એસબીએલ એનર્જી લિમિટેડ' (જે 'અમીન એક્સપ્લોઝિવ પ્રાઈવેટ લિમિટેડ' તરીકે પણ ઓળખાય છે)ના ચીફ એક્ઝિક્યુટિવ ઓફિસર (CEO) છે. આ કંપની પર આરોપ છે કે તેણે SAFના શસ્ત્રાગારની દેખરેખ રાખતી કંપનીને વિસ્ફોટકો અને વિસ્ફોટક સંબંધિત સામગ્રીના ૨૦૦થી વધુ કન્સાઈનમેન્ટ સપ્લાય કર્યા હતા. ટ્રેઝરી ડિપાર્ટમેન્ટે એસબીએલ એનર્જી લિમિટેડ અને સુદાન તેમજ ઈજિપ્ત સ્થિત અન્ય કંપનીઓ પર પણ પ્રતિબંધો લાદ્યા છે. અમેરિકાના સ્ટેટ ડિપાર્ટમેન્ટના પ્રવક્તા ટોમી પિગોટે એક નિવેદનમાં જણાવ્યું હતું કે, "આ નેટવર્ક સુદાનીઝ આર્મ્ડ ફોર્સિસ (SAF) અને રેપિડ સપોર્ટ ફોર્સિસ (RSF) બંનેને હથિયારો, વિસ્ફોટકો અને વિદેશી લડવૈયાઓ પુરા પાડે છે. તેમના આ સમર્થનને કારણે એક એવો સંઘર્ષ લાંબો ખેંચાયો છે જેણે વિશ્વની સૌથી ગંભીર માનવતાવાદી કટોકટી ઊભી કરી છે અને આતંકવાદી જૂથોને સક્રિય થવા માટે તક આપી છે. અમેરિકાના ટ્રેઝરી ડિપાર્ટમેન્ટે જણાવ્યું કે, રાયપુર સ્થિત એસબીએલ એનર્જીએ કથિત રીતે સુદાન સ્થિત 'ટાર્ગેટ મલ્ટીએક્ટિવિટીઝ કંપની' (TMAC)ને વિસ્ફોટકો અને સંબંધિત સામગ્રી સપ્લાય કરી હતી. ત્યારબાદ આ વિસ્ફોટકોનો ઉપયોગ SAF દ્વારા ગોઠવવામાં આવેલા બોમ્બમાં કરવામાં આવ્યો હતો.

# રાજનાથ સિંહ સંસદને ગેરમાર્ગે દોરી હોવાનો વિપક્ષનો આક્ષેપ

**ઓપરેશન** સિંદુરમાં છ સૈનિકોનાં મોત થયા હોવાનું સત્તાવાર જાહેર કરાયું તે પછી વિપક્ષે સંસદમાં સંરક્ષણ મંત્રીના નિવેદનનો મુદ્દો ઉઠાવ્યો, જેમાં કહેવાયુ હતું કે કોઇ ભારતીય સૈનિક માર્યા ગયા નથી

**સરકારે** બચાવ કરતા કહ્યું કે વિપક્ષ રાજનાથના નિવેદનને ખોટી રીતે ટાંકી રહ્યો છે

નવી દિલ્હી, તા. ૨૭: ઓપરેશન સિંદુરમાં માર્યા ગયેલા છ ભારતીય જવાનોના નામ સરકારે સત્તાવાર રીતે જાહેર કર્યા તે પછી વિપક્ષે સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહ પર આક્ષેપ કર્યો છે કે તેમણે પાકિસ્તાન સામેના આ ઓપરેશન અંગે સંસદમાં નિવેદન કરતી વખતે ખોટી માહિતી આપીને સંસદને ગેરમાર્ગે દોરી હતી.

કોંગ્રેસે રાજનાથ સિંહના એ નિવેદનને ટાંકતા સરકાર પર નિશાન સાધ્યું હતું, જેમાં દાવો કરવામાં આવ્યો હતો કે 'ઓપરેશન સિંદૂર' દરમિયાન કોઈ ભારતીય સૈનિકને નુકસાન થયું નથી. કોંગ્રેસે સરકાર પર દેશને ગુમરાહ કરવાનો અને શહીદી દેશથી છુપાવવાનો આરોપ લગાવ્યો હતો. રાજનાથ સિંહના નિવેદન પર વિપક્ષના હુમલા બાદ, સંરક્ષણ મંત્રાલયે સિંહની ટિપ્પણી પર સ્પષ્ટતા કરી અને કહ્યું કે વિપક્ષ જાણીજોઈને આ નિવેદનના સંપૂર્ણ સંદર્ભની અવગણના કરી રહ્યો છે.

સંરક્ષણ મંત્રાલયે એક નિવેદનમાં જણાવ્યું કે, "સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર ચાલી રહેલી કેટલીક પોસ્ટ્સમાં ૨૮ જુલાઈ, ૨૦૨૫ ના રોજ સંસદના ગૃહમાં રક્ષા મંત્રી દ્વારા આપવામાં આવેલા પ્રવચનને ખોટી રીતે રજૂ કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. આ પોસ્ટ્સમાં ભાષણના એક અલગ ભાગને પસંદગીપૂર્વક ટાંકીને ખોટો દાવો કરવામાં આવ્યો છે કે રક્ષા મંત્રીએ એવો દાવો કર્યો હતો કે ઓપરેશન સિંદૂર દરમિયાન કોઈ ભારતીય સૈનિકે પોતાનો જીવ ગુમાવ્યો નથી.

# નિર્મલાને ખસેડીને શક્તિકાંત દાસને નાણા મંત્રી બનાવાશે?

**કેન્દ્રીય** કેબિનેટમાં ટૂંક સમયમાં ફેરફારો થાય તેવા સંકેત

**નિર્મલાને** માનવ સંસાધન મંત્રાલય સોંપી શકાય

**શિક્ષણ** મંત્રી ધર્મેન્દ્ર પ્રધાનને દૂર કરાય તેવી વકી, અન્ય ફેરફારો પણ થઇ શકે

નવી દિલ્હી, તા. ૨૭: પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ વચ્ચે તાજેતરમાં યોજાયેલી બેઠક, અને ત્યારબાદ ગૃહમંત્રી અમિત શાહ અને રાષ્ટ્રપતિ વચ્ચેની બેઠકે કેન્દ્રીય કેબિનેટમાં સંભવિત ફેરબદલ તેમજ ભાજપના સંગઠનાત્મક માળખામાં ફેરફારો અંગેની અટકળોને વેગ આપ્યો છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, સંસદના આગામી ચોમાસુ સત્ર પહેલા આ ફેરબદલ થવાની સંભાવના છે. જે નામોની ચર્ચા થઈ રહી છે તેમાં ભારતીય રિઝર્વ બેંક (RBI)ના ભૂતપૂર્વ ગવર્નર શક્તિકાંત દાસનું નામ પણ સામેલ છે, જેઓ હાલમાં પ્રધાનમંત્રીના મુખ્ય સચિવ તરીકે સેવા આપી રહ્યા છે. સૂત્રોએ સંકેત આપ્યો છે કે દાસના નામ પર કેન્દ્રીય નાણામંત્રીના પદ માટે વિચારણા કરવામાં આવી રહી છે, જ્યારે વર્તમાન નાણામંત્રી નિર્મલા સીતારમણને માનવ સંસાધન વિકાસ મંત્રાલયમાં સ્થાનાંતરિત કરવામાં આવે તેવી અપેક્ષા છે. સીતારમણ ૨૦૧૯થી કેન્દ્રીય નાણા અને કોર્પોરેટ બાબતોના મંત્રી તરીકે સેવા આપી રહ્યા છે. એમ પણ માનવામાં આવે છે કે મંત્રીમંડળના ફેરફારોમાં ધર્મેન્દ્ર પ્રધાનને શિક્ષણ મંત્રીપદેથી પડતા મૂકવામાં આવશે. ચર્ચા એવી છે કે કેન્દ્ર સરકારને લાગે છે કે નીટ પેપર લીકના પ્રકરણ પછી ધર્મેન્દ્ર પ્રધાનને શિક્ષણ મંત્રી તરીકે ચાલુ રહેવા દેવામાં આવે તો તેનાથી સરકારની છબી ભારે ખરડાઈ શકે છે, ખાસ કરીને કોકરોચ જનતા પાર્ટીના તાજેતરના આંદોલનનો જોશ જોતા અને યુપીની આગામી વિધાનસભા ચૂંટણીને ધ્યાનમાં રાખીને તેમને મંત્રીપદેથી દૂર કરવામાં આવી શકે છે. મંત્રીમંડળમાં બીજા પણ કેટલાક ફેરફારો થઈ શકે છે, બે રાજ્યસભાના નિવૃત થતા સભ્ય પ્રધાનોને ફરીથી ટીકિટ અપાઈ નથી તેમના સ્થાને બીજા કોઈને લાવી શકાય છે અને મંત્રીમંડળમાંથી ખસેડાયેલાઓને ભાજપમાં સંગઠનની કોઇ કામગીરી સોંપવામાં આવે તેવું બની શકે છે એવી અટકળો છે.







